ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

PGVCL

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

PGVCL

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૯/૧૮-૧૯/ 5243 તારીખ : 19 NOV 2018

પ્રતિ,
શ્રી ડાભી હરદાસભાઈ રામજીભાઈ,
મુ. નેસવડ, તા.ઘોઘા,
જી. ભાવનગર.
મો : ૯૮૨૫૬ ૩૩૬૪૮.

કેસ નં. ૯૯/૧૮-૧૯.

**વિષય** : ખેતીવાડી વીજ જોડાણ મળવા બાબત.

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા : ૨૪.૦૮.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૯/૧૮–૧૯/૩૯૯૫ તા. ૦૫.૦૯.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા. ૦૩.૧૧.૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, શહેર-૨, ભાવનગર.

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, મામસા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર –૯૯/૧૮–૧૯**

વાદી :– શ્રી ડાભી હરદાસભાઈ રામજીભાઈ

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખઃ**– ૦૩.૧૧..૨૦૧૮

હાજર રહયા :– શ્રી નિતેશભાઈ- પુત્ર.

પ્રતિવાદી :– શ્રી એ.એસ. ચોધરી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, શહેર-૨ ભાવનગર.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ડાભી હરદાસભાઈ રામજીભાઈ, મુ.નેસવડ, તા.ભાવનગરની નવા ખેતીવાડી વીજ કનેક્શન બાબતની બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૯ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૯૯/ ૧૮–૧૯/ ૩૯૯૫ તા. ૦૫.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૦૩.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ.એસ. ચોધરી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, શહેર-૨ ભાવનગર, ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારશ્રીની સી.જી.આર.એફ. સમક્ષની તા.૨૪-૦૮-૨૦૧૮નાં રોજની રજૂઆત મુજબ તેઓને નવા ખેતી વિષયક વીજજોડાણ માટે તા.30/08/2012 ના રોજ રજીસ્ટ્રેશન કરાવેલ છે જેના સંદર્ભમાં મળેલ અંદાજપત્ર નિયત સમય મર્યાદામાં ભરપાઈ કરી શકેલ નથી તો સદર વીજજોડાણ માટે નવું અંદાજપત્ર પાઠવી આગળની કાર્યવાહી કરી વીજજોડાણ આપવા બાબત.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર શ્રી હરદાસભાઈ રામજીભાઈ ડાભી, મુ. નેસવડ, તા. ઘોઘાદ્વારા નેસવડ ગામના રેવન્યુ સર્વે નં. ૨૩માં નવું ખેતીવિષયક વીજજોડાણ લેવા માટેરૂ. ૨૦૦/- નં. XP ૭૯૬૦૧૨થી તા.30.0૮.૨૦૧૨ ના રોજ ભરી, નવા ખેતીવિષયક વીજજોડાણ માટે અરજી કરેલ છે જે જી.પી. નં. ૯૦૮૬થી નોંધવામાં આવેલ છે.

૨.૨ અરજદારશ્રી નો ક્રમાનુસાર વારો આવતાં પત્ર નં.૪૫૬૪ તા.૦૪.૦૪.૧૭ ના રોજ અંદાજપત્ર પાઠવવામાં આવેલ હતું, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૧૩.૦૪.૧૭ હતી.

૨.3 ત્યારબાદ અરજદાર દ્વારા અંદાજપત્ર ભરપાઈ કરવાની સમયમર્યાદા છ માસની વધારવા માટે તા. ૧૮.૦૪.૧૭ નાં રોજ ઈન્વર્ડ નં. ૧૬૮૨થી અરજી કરેલ જેના અનુસંધાને નવી મુદ્દત ૧૨.૦૬.૨૦૧૭ સુધી એટલે કે ૬૦ દિવસની લંબાવી આપેલ પરંતુ તેમ છતાં અરજદાર દ્વારા સમય મર્યાદામાં અંદાજપત્ર ભરપાઈ કરેલ નથી.

૨.૪ અરજદાર દ્વારા બીજી વખત અંદાજપત્ર ભરપાઈ કરવાની સમયમર્યાદા ૮ માસની વધારવા માટે તા. ૧૩.૦૭.૨૦૧૭ નાં રોજ અરજી કરેલ જેનાં અનુસંધાને પાઠવવામાં આવેલ અંદાજપત્ર ભરપાઈ કરવાની છેલ્લી તા. ૧૧.૧૨.૨૦૧૭ હતી પરંતુ સદર સમયગાળામાં પણ અરજદાર દ્વારા અંદાજપત્ર ભરપાઈ કરેલ નથી કે મુદ્દત વધારવા માટે અરજી પણ કરેલ નથી.

૨.૫ વધુમાં અરજદાર દ્વારા ફોરમ સમક્ષની અરજીમાં પણ જણાવેલ છે કે, તેઓને સદર સમયગાળામાં વીજજોડાણ માંગણી કરેલ સ્થળમાં અન્ય ભાગીદારોની નોટરાઈઝ સંમતી લેવામાં મોડું થતાં બીજી વખત આપેલ અંદાજપત્ર પણ તેઓ ભરપાઈ કરી શકેલ નથી. તેમજ અંદાજપત્ર આપ્યાની વિગત ઈ-ઉર્જા સિસ્ટમમાંથી કાઢીને ખાતરી કરેલ છે.

૨.૬ આમ, ઉપરોક્ત કારણોસર અરજદારને ખેતીવિષયક વીજજોડાણ આપી શકાયેલ નથી, જે આપ સાહેબની જાણ સારૂ.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ વાદી અરજદાર હરદાસભાઈ રામજીભાઈના પ્રતિનિધિ-પુત્ર નિતેશભાઈ હરદાસભાઈએ ફોરમને ફરીયાદ કરેલ છે કે તેઓએ તા. 30.0૮.૧૨ના રોજ નવા ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ તેનું અંદાજપત્ર તેઓને સમયમર્યાદા વીતી ગયા પછી મળેલ હોઈ તેઓ અંદાજપત્ર ભરી શકેલ નહિ.

3.૨ પ્રતિવાદીએ તા. ૦૪.૦૪.૧૭ના રોજ વાદીને અંદાજપત્ર આપેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તારીખ ૧3.૦૪.૧૭ હતી. આમ, પ્રતીવાદીએ વાદીને અંદાજપત્ર ભરપાઈ કરવા માટે પુરતી સમય આપેલ નહિ.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar

3.3 વાદીએ અંદાજપત્ર ભરવા માટે છ માસની સમયમર્યાદા વધારી આપવા તા. ૧૮.૦૪.૧૭ના રોજ પ્રતિવાદીને અરજી કરેલ, જે અનુસંધાને પ્રતિવાદીએ વાદીને ૬ માસને બદલે ૬૦ દિવસની સમયમર્યાદા વધારી આપેલ, તેમજ આ સમય મર્યાદા વધારવા અંગેની વાદીને કોઈ જાણ કરવામાં આવેલ નહિ.

3.૪ વાદીએ તા. ૧૩.૦૭.૧૭ના રોજ ફરીથી અંદાજપત્ર ભરવાની સમયમર્યાદા ૮ માસ વધારી આપવા અરજી કરેલ, જે સમયમર્યાદા પ્રતિવાદી દ્વારા વધારવામાં આવેલ નહિ.

3.૫ આમ, વાદીને અંદાજપત્ર તેમજ તેના માટેની જે સમયમર્યાદા પ્રતિવાદી દ્વારા વધારવામાં આવેલ તેની રજી. એ.ડી. દ્વારા કોઈ લેખિત જાણ કરવામાં આવેલ નહિ, જેથી વાદી અંદાજપત્ર ભરી શકેલ નહિ, આથી પ્રતિવાદીએ વાદીને દિવસ-૭માં રજી. એ.ડી. પોસ્ટથી નવું અંદાજપત્ર આપવું, અને જે કોઈ દસ્તાવેજો ની જરૂર હોઈ તે વાદીએ પ્રતિવાદીને પુરા પાડવા.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં. 3.૫ મુજબ હુકમ કરવામાં આવે છે. "**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :–૦૩.૧૧.૨૦૧૮